# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### નડિયાદમાં ધર્માંતરણના નેટવર્કના પગલે મહાનગરપાલિકા દ્વારા બુલડોઝર ફેરવવામાં આવ્યું

## નડિયાદમાં ગેરકાયદે મકાન તોડી પડાયું

**મિશન** રોડ પર ધર્માંતરણ ચાલતુ હતુ તે મકાન પર આખરે કાર્યવાહી કરાઇ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.14

નડિયાદ શહેરમાં ધર્માંતરણની પ્રવૃત્તિના મામલે મોટી કાર્યવાહી સામે આવી છે. નડિયાદ મિશન રોડ ખાતે સ્ટીવન પરમાર (મેકવાન) દ્વારા ધર્માંતરણનું એક રેકેટ ચલાવવામાં આવી રહ્યું હતું, જેનો પર્દાફાશ હિન્દુ ધર્મ સેના દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિ જે જગ્યા પર ચાલતી હતી, તે સ્થળે નડિયાદ કોર્પોરેશન દ્વારા આજે ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યું છે.

નડિયાદ શહેરમાં ધર્માંતરણની પ્રવૃત્તિના મામલે મોટી કાર્યવાહી સામે આવી છે. જે જગ્યા પર આ ધર્માંતરણની ગેરકાયદેસર કામગીરી ચાલતી હતી, ત્યાં નડિયાદ કોર્પોરેશન દ્વારા ગેરકાયદેસર દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ જગ્યા પર ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કાર્યવાહી લાંબા સમયથી ચાલી રહી હતી. પ્રાપ્ત માહિતી મુજબ આશરે 15 દિવસ પહેલા કોર્પોરેશન દ્વારા દબાણવાળી જગ્યાના મકાન માલિકને દબાણ દૂર કરવા માટે નોટિસ ફટકારવામાં આવી હતી. જોકે, અમદાવાદ ખાતે રહેતા મકાન માલિક દ્વારા કોર્પોરેશનને નોટિસનો કોઈ જવાબ આપવામાં આવ્યો નહોતો. આખરે, કોર્પોરેશન દ્વારા નિયમાનુસાર દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી અને ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યું હતું. આ ધર્માંતરણની આખી કામગીરી સ્ટીવન મેકવાન નામનો ઈસમ ચલાવતો હતો.

પોલીસ દ્વારા આ સમગ્ર કેસમાં મુખ્ય સૂત્રધાર સ્ટીવન મેકવાન અને અન્ય એક ઈસમની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. સમગ્ર દબાણ હટાવવાની કામગીરી અંગે નડિયાદ મનપાના ડેપ્યુટી કમિશનર રુદ્રેશ હુદળે માહિતી આપતા જણાવ્યું હતું કે, કોર્પોરેશન દ્વારા શહેરની ફૂટપાથ, શાકમાર્કેટ અને જાહેર જગ્યાઓ પરના ગેરકાયદેસર દબાણોને દૂર કરવાની નિયમિત કામગીરી હાથ ધરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જે જગ્યાએ ધર્માંતરણની પ્રવૃત્તિ ચાલતી હતી તેમાં ગેરકાયદેસર દબાણની ફરિયાદ હતી, જેને ધ્યાનમાં લઈને રમતલાવડી વિસ્તારમાં આવેલું ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યું છે.

### નડિયાદના પોક્સો કેસમાં કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

## સગીર પુત્રીની આબરૂ લેવાની કોશિશમાં પિતાને 5 વર્ષની કેદ

મોબાઈલ ગિફ્ટ આપવાની લાલચ આપી આબરૂ લેવાના પ્રયાસ કર્યો હતો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

નડિયાદમાં દોઢ વર્ષ પહેલાં જન્મદિવસ નિમિત્તે મોબાઈલ ગિફ્ટ આપવાની લાલચ આપી સગીરાની તેના જ સગા બાપે આબરૂ લેવાની કોશિશ કરી હતી. આ કેસમાં આરોપીને નડિયાદ કોર્ટે આજે 5 વર્ષની કેદની સજા ફટકારી છે.

નડિયાદના એક વિસ્તારમાં રહેતા ઈસમે 26મી માર્ચ, 2024ના રોજ મોડી રાત્રીના પોતાની જ સગીર વયની સગી દિકરીને તેના જન્મદિવસે મોબાઈલ ગિફ્ટમાં આપવાની લાલચ આપી હતી. બાદ માં વાસનામાં અંધ બનેલા આ નરાધમ બાપે દિકરીનો હાથ ખેંચી પોતાના ખોળામાં બેસાડી દીધી હતી અને તેની આબરૂ લેવાની કોશિશ કરી હતી. એટલું જ નહીં, આ કળિયુગી બાપે કિશોરીની નજર સામે જ હસ્તમૈથુન પણ કર્યું હતું.

આ બનાવ દરમિયાન વચ્ચે પડેલા એક વ્યક્તિને નરાધમે માર મારી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે નડિયાદ શહેર પોલીસ મથકે આરોપી વિરુદ્ધ ઈ.પી.કો. કલમ 323, 354(ક)(1)(2), 506(2) તથા પોક્સો એક્ટ અન્વયે ગુનો નોંધાયો હતો. દરમિયાન આ કેસ આજે નડિયાદના 3જા એડી. ડિસ્ટ્રીક્ટ અને સ્પે. જજ (પોક્સો) પી.પી. પુરોહીતની કોર્ટમાં ચાલી ગયો હતો. ફરિયાદ પક્ષે કોર્ટમાં રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા, મૌખિક પુરાવા, ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની અને સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવ્યો હતો અને તેને 5 વર્ષની કેદ અને 17,000 રૂપિયા દંડની સજા ફટકારતો હુકમ કર્યો હતો. આ સાથે જ કોર્ટે ભોગ બનનાર કિશોરીને ગુજરાત સરકારના નોટિફિકેશન મુજબ એક લાખ રૂપિયા વળતર ચૂકવવાનો હુકમ પણ કર્યો છે.

## નડિયાદના વૃદ્ધે નહેરમાં પડીઆપઘાતકરીલીધો

**પગના દુઃખાવાની** બિમારીથી કંટાળી અંતિમ પગલું ભર્યું

(પ્રતિનિધિ) નડિયાદ,તા.14

નડિયાદ પશ્ચિમ પીજ રોડ ઉપર રહેતા નિવૃત્તિ જીવન ગુજારતા વૃદ્ધે પગના દુખાવાથી કંટાળી આજે સવારે પીપલગ નહેરમાં પડી જિંદગી નો અંત આણ્યો હતો.

નડિયાદ પશ્ચિમમાં પીજ રોડ આનંદ વિહાર સોસાયટી ઓમ પાર્કમાં રહેતા મનહરભાઈ ઉર્ફે મનુભાઈ શીવાભાઈ દલવાડી પ્રજાપતિ (ઉંમર વર્ષ ૭૩) નિવૃત્તિ જીવન ગુજારતા હતા. તેઓ પત્ની તેમજ એક દીકરો અને એક દીકરી હતા. તેઓએ પગનો દુખાવો રહેતો હોય ખાનગી હોસ્પિટલમાં ઘૂંટણના રિપ્લેસમેન્ટનું ઓપરેશન કરાવ્યું હતું.આમ સારવાર કરાવવા છતાં પગમાં દુખાવો રહેતો હતો. જેથી તેઓ કંટાળી ગયા હોય મંગળવારે સવારે ઘરેથી કોઈને કહ્યા વગર ઈલેક્ટ્રીક ટુ વ્હીલર લઈને પીપલગ નહેર પર ગયા હતા. તેઓએ ઈલેક્ટ્રિક મોપેડ કેનાલના રોડ પર મૂકી નહેરના પાણીમાં પડતું મૂક્યું હતું. આ બનાવની જાણ થતા લોકોના ટોળેટોળા નહેર પર દોડી ગયા હતા. સ્થાનિક લોકોએ નહેરમાંથી વૃદ્ધની લાશને બહાર કાઢી હતી. આ દરમિયાન 112 જનરક્ષક વાન તેમજ નડિયાદ ગ્રામ્ય પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ઈલેક્ટ્રીક મોપેડ આધારે મૃતકના સંબંધીઓને જાણ કરતા તેઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. નડિયાદ ગ્રામ્ય પોલીસે લાશનું પોસ્ટમોર્ટમ કરાવવા કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ અંગે વિરલ મનહરભાઈ દલવાડીની જાણ કરતા નડિયાદ ગ્રામ્ય પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

### આણંદ જિલ્લામાં દિવાળીના તહેવાર દરમિયાન ફૂડ અને ડ્રગ વિભાગ એક્શન મોડમાં આવ્યું

## આણંદની મિલ્ક પ્રોડક્ટની 17 પેઢી ખાતે સઘન ચેકિંગ કરાયું

**ફુડ** વિભાગને 3 પેઢી પર ત્રુટિ જણાતા ઇમ્પ્રુવમેન્ટ નોટીસ ફટકારી

(પ્રતિનિધિ) આણંદ તા.14

આણંદ જિલ્લાના મદદનીશ કમિશનર ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરી દ્વારા દિવાળીના તહેવારો દરમિયાન એક્શન મોડમાં આવીને વિવિધ ખાદ્ય ચીજો, મિલ્ક પ્રોડક્ટની ચીજોની ચકાસણી માટે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આણંદ શહેરમાં તેમજ જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરીને ખાદ્ય પદાર્થોની ગુણવત્તાની તપાસ તેમજ નમૂના લીધાં હતાં.

આણંદના ફૂડ અને ડ્રગ વિભાગ દ્વારા સઘન તપાસ તેમજ નમૂના લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આણંદ શહેર તેમજ જિલ્લાના અલગ - અલગ તાલુકાઓના નગરજનોને શુદ્ધ ખોરાક મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે અલગ - અલગ ટીમોએ છેલ્લા અઠવાડિયામાં મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટની કેટેગરીની સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરી કુલ - 17 પેઢીની ઉત્પાદન વેચાણ અને સંગ્રહ કરતી પેઢીઓની તપાસ કરી હતી. જ્યાં વેચાણકારો દ્વારા સંગ્રહ અને ઉત્પાદનની પ્રક્રિયા દરમિયાન સ્વચ્છતા તેમજ હાઈજિનના નિયમોનું પાલન થાય છે કે કેમ ? તે અંગે પણ તપાસ કરાઈ હતી અને મિલ્ક | મિલ્ક પ્રોડક્ટમાં મીઠો-માવો, બરફી સ્વીટ (લુઝ) માવો (લુઝ) પનીર (લુઝ) ચીઝ મિલ્ક (લુઝ) વગેરે ખાધ્ય ચીજોના કુલ - 67 નમુના પૃથ્થકરણ માટે લેવામાં આવ્યાં હતાં. જેમાં ત્રણ પેઢીમાં ત્રુટિઓ જણાતા ઈમ્પ્રુવમેન્ટ નોટીસ પાઠવવામાં આવી હતી. જે નોટીસના જવાબ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વધુમાં એડીબલ ઓઈલ, બેકરી પ્રોડક્ટ, અને કન્ફેક્શનરી/ ચોકલેટનું ઉત્પાદન વેચાણ અને સંગ્રહ કરતી પેઢીઓની તપાસ કરી તેમાં ખાદ્યતેલના કુલ - 14 બેકરી પ્રોડકટના 28 અને કન્ફેકશનરી/ ચોકલેટના -8 એમ કુલ - 50 નમુનાઓ પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપ્યાં હતાં. જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ ફૂડ સેફટી ઓન વ્હીલ દ્વારા દૂધના નમુનો સ્થળ પર જ સ્ટેરીંગ કરવામાં આવ્યા છે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર આણંદના ડેઝિગ્નેટેડ ઓફિસર દ્વારા જણાવવામાં આવ્યું છે.

### ચકલાસી પોલીસે ગૌમાંસનું નેટવર્ક પકડ્યું

## ચકલાસીગામમાંગૌમાંસનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

**અનવર** કુરેશીના ઘરે પોલીસની રેડમાં 100 કિલો માંસ જપ્ત કરી FSL માટે મોકલાયું

(પ્રતિનિધિ) નડિયાદ, તા.14

ચકલાસી પોલીસ દ્વારા બાતમીના આધારે બાંધેલા તળાવ પાસે રહેતા અનવર કુરેશીના ઘરે રેડ કરવામાં આવતા ત્યાંથી શંકાસ્પદ ગૌ માસનો મોટો જથ્થો પકડાયો હતો. આ મામલે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

ચકલાસી પોલીસને બાતમી મળી હતી કે બાંધેલા તળાવ પાસે અનવર કુરેશીના ઘરે શંકાસ્પદ ગૌ માસ રાખવામાં આવ્યું છે. આ બાતમીના આધારે ચકલાસી પોલીસની ટીમ, ચકલાસી નગરપાલિકાની ટીમ અને વેટરનરી ડોક્ટરની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. રેડ દરમિયાન ત્યાંથી આશરે 100 કિલો જેટલો શંકાસ્પદ માસનો જથ્થો ઝડપાયો હતો. સ્થળ પર હાજર વેટરનરી ડોક્ટરે આ શંકાસ્પદ માસના 10 સેમ્પલ લીધા હતા અને તેને વધુ ચકાસણી માટે FSL ખાતે મોકલી આપ્યા છે. FSLનો રિપોર્ટ આવ્યા બાદ જ આ માસ ગૌ માસ છે કે કેમ, તે સ્પષ્ટ થશે. પોલીસ દ્વારા આ સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ગાયની તસ્કરી અને ગૌમાંસનું નેટવર્ક વારંવાર પકડાતાં હતાં. આ અગાઉ પણ આણંદ, ભાલેજ, મહુધા સહિતના ગામોમાં પોલીસે દરોડા પાડી ગાયોની કતલનું નેટવર્ક પકડી પાડ્યું છે.

## સરકારે RTI કાયદાને પાંગળો બનાવી દીધો : અમિત ચાવડા

**આરટીઆઈ** કાયદાની 20મી વર્ષગાંઠ નિમિત્તે વિપક્ષ નેતાનો આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.14

માહિતી અધિકાર કાયદાની ઐતિહાસિક 20મી વર્ષગાંઠ નિમિત્તે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અને આંકલાવ ધારાસભ્ય અમિતભાઈ ચાવડાએ એક નિવેદન આપીને 'માહિતીનો અધિકાર બચાવો, લોકશાહી બચાવો' નો સંકલ્પ જાહેર કર્યો છે. તેમણે કેન્દ્ર સરકાર પર આક્ષેપ કર્યો છે કે, તે પોતાનો ભ્રષ્ટાચાર છુપાવવા માટે આરટીઆઈ કાયદા પર હુમલો કરીને તેને નબળો બનાવી રહી છે.

આણંદ ખાતે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, આરટીઆઈ કાયદાના ઐતિહાસિક દિવસની 20મી વર્ષગાંઠ છે. વર્ષ 2005માં યુપીએ સરકારમાં માહિતીનો અધિકાર અધિનિયમ (RTI Act) અમલમાં આવ્યો હતો. યુપીએ સરકારે દેશના દરેક નાગરિકોને માહિતી અધિકારનો કાયદો આપ્યો હતો. આ કાયદો યુપીએ સરકારના અધિકાર આધારિત એજન્ડાની પ્રથમ કડી હતી. જેમાં મનરેગા, શિક્ષણનો અધિકાર અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ જેવા અન્ય કાયદાઓ પણ સામેલ હતા. કાયદાનો મુખ્ય હેતુ નાગરિકોને જાહેર સત્તાધિકારીઓ પાસે ઉપલબ્ધ માહિતી સુધી પહોંચ આપીને તેમને સશક્ત બનાવવાનો હતો, જેથી શાસન વધુ પારદર્શક અને જવાબદાર બની શકે. આ કાયદાએ ગરીબ લોકોને રેશન, પેન્શન, બાકી મજૂરી અને શિષ્યવૃત્તિ જેવા તેમના હક મેળવવામાં મદદ કરી હતી. પરંતુ 2014 પછીથી માહિતીના અધિકાર કાયદાને સતત કમજોર કરવામાં આવ્યો છે, જેના કારણે દેશના પારદર્શિતા અને લોકશાહી ઢાંચા પર આઘાત થયો છે.

અમિતભાઈ ચાવડાએ ગંભીર આક્ષેપ મૂક્યો છે કે, આ કાયદાને નબળો પાડવા માટે 2019માં સુધારો કરાયો હતો, તેવી જ રીતે 2023માં ડેટા પ્રોટેકશન કાયદો લાવવામાં આવ્યો હતો.

## રેલીયા ચેક પોસ્ટ પરથી 67 લાખનો દારૂ પકડાયો

(પ્રતિનિધિ) નડીયાદ, તા.14

ખેડા - નડીયાદ એલસીબીએ મોડસા નડીયાદ રોડ રેલીયા ચેક પોસ્ટ પરથી વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી પકડી પાડી હતી.જેમાં પોલીસે રૂ.6745200- ના વિદેશી દારૂ સહિત કુલ 78,11,400 નો મુદામાલ ઝડપી પાડયો હતો.

ખેડા-નડીયાદ એલસીબી પોલીસને પેટ્રોલીંગ દરમિયાન મોડાસા નડીયાદ હાઇવે પર વિદેશી દારૂની હેરાફેરી અંર્તગત બાતમી મળી હતી.જે બાતમી હકીકતના આધારે પોલીસે કપડવંજ ગ્રામ્ય વિસ્તારના રેલીયા ચેક પોસ્ટ પર નાકાબંધી કરી હતી. તે સ્થિતિમાં શંકાસ્પદ ટ્રક મોડસા તરફથી આવતા પોલીસે ઉભી રખાવી હતી. જેમાં ડ્રાઇવર સાથે એક ઇસમ ઝડપાયો હતો. આ ટ્રકના પાછળના ભાગે તપાસ પડતાલ કરતા ભુસાના કોથળાઓ વચ્ચે વિદેશી દારૂની અલગ અલગ બાન્ડની નાની મોટી બોટલો કુલ નંગ.7896 કિમંત રૂ.6745200- સહિત કુલ 7811400- નો મુદામાલ ઝડપાયો હતો.જે અંગે પોલીસે બુટલેગરોની ઉલટતપાસ કરતા વિદેશી દારૂ વ્હોટસએપ દ્વારા સુચન કરી હરિયાણાથી ભરાવ્યો હતો.અને તે વ્હોસેપ નંબરનો ધારક લોકેશન દ્વારા આગળ જવા માટેનું સંકલન કરતો હતો..ત્યારે વિદેશી દારૂની સમગ્ર ગુનાહિત હેરાફેરી અંગે પોલીસે ટ્રક ચાલક ધર્મેન્દ્રસિંહ બલદેવસિંહ જાટ (રહે.મોતીપુરા જી.કોટા) તથા કન્ડકટર નિર્મલસિંહ જોધરાજસિંહ રાજપુત (રહે. કોટા) સહિત વિદેશી દારૂનો જથ્થો આપનાર,સહિત તેમા સંડોવણી ધરાવતા તમામ સામે કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી તપાસ ચલાવી હતી.

## વાસદ બસ સ્ટેન્ડમાં શૌચાલય બંધ રહેતાં મુસાફરોને હાલાકી

**મુસાફરોની** સુવિધા માટે આ શૌચાલય વહેલી તકે ખુલ્લું કરવા માંગ

(પ્રતિનિધિ) આણંદ તા 14

વાસદ બસ સ્ટેન્ડમાં સુલભ શૌચાલય છેલ્લા ઘણા દિવસોથી બંધ હાલતમાં છે. સુલભ શૌચાલયનો ઉપયોગ બિલકુલ બંધ કરાતાં મુસાફરો જનતાને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

વાસદ બસ ડેપોના અધિકારીઓ દ્વારા શૌચાલય સમારકામના બહાને બંધ કરવામાં આવ્યું છે. છેલ્લા ઘણા દિવસોથી શૌચાલય સમારકામના કામ કરવામાં આવી રહ્યું છે. પરંતુ હજુ સુધી કામગીરી પૂર્ણ કરી નથી. એસટી ડેપો વાસદ ખાતે મોટી સંખ્યામાં મુસાફરો આવે છે.પરંતુ અહીંના બસસ્ટેન્ડમાં સુલભ શૌચાલય માટે છેલ્લા કેટલાય દિવસોથી પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

એસટી ડેપો ખાતે સુલભ શૌચાલય પર છેલ્લા કેટલાય દિવસોથી તાળાં લટકતાં જોવા મળે છે. જેથી રોજબરોજના મુસાફરોને, વિધાર્થીઓને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. છેલ્લા કેટલાય દિવસોથી તાળા લટકતા જોવા મળે છે. જેથી મુસાફરોને ભારે હાલાકી વેઠવાનો વખત આવેલ છે. મુસાફરોની સુવિધા માટે આ શૌચાલય વહેલી તકે ખુલ્લું રાખવાની મુસાફર જનતાની માંગ છે. આ ઉપરાંત બસ સ્ટેન્ડમાં પ્રવેસવાનો માર્ગ પર લાંબા સમયથી ખખડધજ છે.

## સરદાર વિચારોનું વાવેતર કરવા માટે ધર્મજમાં અભિનવ પ્રયોગનો અમલ

**વકૃત્વ** સ્પર્ધાના વિજેતા કુલ 11 વિદ્યાર્થીઓએ સરદાર વિશે વકતવ્ય આપ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા 14

ધર્મજ ગામની ખાનગી તથા સરકારી શાળાઓના કુલ 1815 વિદ્યાર્થીઓને સરદાર વિશેના પુસ્તકોનું વિતરણ દાતાઓના સહયોગથી નિઃશુલ્ક કરવામાં આવ્યું હતું. ત્યાર પછી દરેક શાળામાં ત્રણ વિભાગમાં શાળામાં વકૃત્વ સ્પર્ધાઓ કરવામાં આવી હતી. તેના વિજેતાઓ માટે ગામમાં આંતર શાળાકીય સ્પર્ધા રાખવામાં આવી હતી. ગામની સંસ્થા વી. એન. હાઈસ્કુલના મહાત્મા ગાંધી પ્રાર્થના ખંડ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સરદાર પટેલ યુનીવર્સીટીના કુલપતિ ડૉ. નિરંજનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત સરદાર ગીતના શબ્દો સાથે થઇ હતી. પછી ધર્મજની ઓળખ સમા ધર્મજ ગીતનું ગાન કરવામાં આવ્યું. ધરોહર ફાઉન્ડેશનના સ્થાપક પ્રમુખ રાજેશ પટેલ શાબ્દિક સ્વાગત સાથે કાર્યક્રમની પરિકલ્પના રજુ કરી હતી.

શાળામાં યોજાયેલ વકૃત્વ સ્પર્ધાના વિજેતા કુલ 11 વિદ્યાર્થીઓએ આ પ્રસંગે સુંદર રીતે વિષયને રજુ કર્યો હતો. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્તર સુધી સરદાર વિશેની વકૃત્વ સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂકેલ સુશ્રી તાન્યા બ્રહ્મભટ્ટને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને વકૃત્વ કલા વિકસાવવા માટે જરૂરી મુદ્દાઓ પરત્વે અવગત કર્યા હતા. ડૉ. નિરંજનભાઈ પટેલ સમાપન પ્રવચનમાં સરદાર પટેલના જીવનના અનેક પ્રેરક પ્રસંગો જણાવ્યા હતા. અખંડ ભારતથી વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરવાનો પાયો જ સરદાર વિચાર છે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મેઘનાબેન જોશીએ સંભાળ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે પેટલાદની આર. કે પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના પ્રાધ્યાપકો ડૉ અશોકભાઈ પટેલ, ડૉ. હિરેનભાઈ ચાવડા તથા ડૉ. ગીરીશભાઈ ચૌધરીએ નિભાવેલ. ધરોહર ફાઉન્ડેશનના ટ્રસ્ટી અપૂર્વભાઈ પટેલે પ્રોજેક્ટ કોર્ડીનેટર તરીકે ઉમદા સેવાઓ આપી હતી. ગામની તમામ શાળાઓ તથા ગામના લોકોએ સમગ્ર કાર્યક્રમને બિરદાવીને ઉમદા સહકાર આપ્યો હતો. આ સ્પર્ધાઓમાં તમામ સ્તરે વિજેતા બનેલ સ્પર્ધકો તથા શાળાઓને સ્મૃતિભેટ અને પ્રમાણપત્ર આપવા સાથે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225